# યાદ કરે છે માટી હરદમ, ચાલો પાછા ફરવું પડશે!



**આપણી તો નાનકડી દુકાન છે ને એમાંથી આપણે માંડ માંડ ઘરનું ગાડું ચલાવીએ છીએ. એમાં તને બૂટ ક્યાંથી અપાવવા? ને કમલ તો બીનવાડાના સરપંચનો દીકરો છે. એમની તો એંસી એકરમાં આંબાની વાડી છે, લાખો રૂપિયાની કેરીની ઉપજ આવે છે. એમને પોસાય, આપણને તકલીફ પડે**

## સ્પંદન

નિરંજન યાજ્ઞિક

કચ્છનું એ સાવ નાનકડું ગામ. નલિયાની બાજુમાં, જાણે નલિયાના ખોળામાં બેઠું હોય એવું સાંધણ ગામ આમ તો રળિયામણું. વસ્તી સાવ ઓછી.

એક ઘર એમાં ચંદુભાઈનું. ઘણાં એમને બાબુભાઈ પણ કહેતા. એ એમનાં માતા-પિતા, પત્ની અને બે બાળકો સાથે રહેતા. બે બાળકો એટલે બે દીકરા. મોટો શંભુ અને નાનો કાર્તિક.

ઘર તો શાંતિથી ચાલતું હતું. ઉનાળામાં આંબા પર કચ્છી કેસર ઝૂલતી હોય, પીળી ને લાલ ખારેક લૂમેઝૂમે લચકાતી હોય, ગરમી ભલે કચ્છની હોય પણ મઝા પણ એટલી જ પડતી.

જો કે એ પછી છપ્પનિયો દુષ્કાળ આવ્યો ને ગામની જાહોજલાલી પણ લગભગ ખતમ થઈ ગઈ.

ચંદુભાઈ આ વિપત્તિમાં હિંમત હારી બેઠા. હવે શું કરવું આ દુષ્કાળમાંથી બહાર નીકળવા, એ એમને સૂઝતું નહોતું. જો કે અચાનક એમને વિચાર આવ્યો-અહીં વધારે તકલીફ છે પણ સાંભળ્યું છે કે સૌરાષ્ટ્રમાં, ખાસ કરીને રાજકોટ ને જામનગરમાં આવી ખાસ તકલીફ નથી.

“સાંભળ્યું,” એક સાંજે એમણે પત્નીને કહ્યું, “મારો વિચાર છે કે, હું જામનગર જાઉં, અને ત્યાં કૈંક ધંધો કરું તો ખાવાપીવાનો મેળ પડે. બોલ, જાઉં?”

“એમાં મને શું પૂછવાનું?” એમનાં પત્ની બોલ્યાં, “તમે ઉપડી જ જાવ. બાકી, આ ગામમાં રહેવાથી હવે પૈસા મળે એમ નથી.”

બીજા જ દિવસે ચંદુભાઈ ઉપડ્યા જામનગર. અજાણ્યું નગર, કોઈ પરિચિત પણ ન મળે એવા શહેરમાં શું કરવું એ વિચાર કરતાં એ જામનગરના બસસ્ટેન્ડ પર ઊતર્યા, ને એમનું ધ્યાન બસસ્ટેન્ડના પ્રિમાઈસીસમાં એક શેરડીના રસવાળા તરફ ગયું. એ શેરડીના ચિચોડાને હાથથી ચલાવીને રસ કાઢીને લોકોને આપતો હતો. પહેલી જ નજરે ચંદુભાઈને આ ધંધો ગમી ગયો. રોકાણ માત્ર ચિચોડો ખરીદવા જેટલું જ અને પહેલી વખત શેરડી લાવવી પડે એટલું જ.

એ ઘેરથી તો થોડીઘણી રકમ લઈને નીકળેલા એટલે એમણે પહેલા તો એક નાનકડી રૂમ ભાડે રાખી ને પછી નીકળ્યા શેરડીના રસ માટેના ચિચોડાની શોધમાં. એ પણ એમને મળી ગયો. એક હાથલારી પણ ખરીદી લીધી. શેરડી અને બરફ ક્યાં મળે છે એની તપાસ પણ એમણે કરી લીધી.

બીજા દિવસે સવારના એ લારી લઈને શેરડી અને બરફ લઈ આવ્યા, ને એક રોડ પર એમણે લારી ગોઠવી દીધી.

દિવસ તપતો ગયો, ને એમની ઘરાકી શરૂ થઈ ગઈ. સાંજ સુધીમાં એમને સારા એવા પૈસા મળ્યા. જો કે આખા દિવસની મહેનતની અસર એમના હાથ અને બાવડા પર દેખાતી હતી પણ એને અવગણીને એમણે કામ ચાલુ રાખ્યું. મહિનાના આખરે એ કચ્છમાં મનીઓર્ડરથી પૈસા મોકલી શક્યા.

એ પછી તો દર મહિને એ કચ્છમાં પૈસા મોકલતા. ધીમે ધીમે ગરમી ઘટતી ગઈ તો એમણે લારીની બાજુમાં બીજી લારી રાખીને એમાં ફળ વેચવાનું પણ ચાલુ કર્યું. એમાં પણ એમને પૈસા મળવા લાગ્યા. એ પછી તો એમને હથોટી જામી ગઈ. એમણે હવે સીઝનલ ધંધો પણ ચાલુ કર્યો. પતંગ, ફટાકડા, રંગ, મિઠાઈ - દરેક તહેવારને અનુરૂપ ધંધો એમણે શરૂ કર્યો ને પૈસા પણ સારા એવા મળતા થયા. હવે એ સારી રકમ કચ્છમાં મોકલતા થયા.

એમને હવે વિચાર આવ્યો કે, બૈરીછોકરાને અહીં બોલાવી લઉં, ને છોકરાઓને અહીં જ ભણાવું.

જો કે એમનું મન માનતું નહોતું. એમને લાગતું કે, અહીં મોટા ભાગના લોકો તમાકુ કે મસાલાના વ્યસની છે અને શિક્ષણ પણ વખણાય એવું નથી, એટલે એમણે બાળકોને ને પત્નીને બોલાવી લેવાનો વિચાર મનના માળિયે ચડાવી દીધો! જો કે હવે એમને પણ જામનગર ગમતું નહોતું. ધીમે ધીમે બધું સંકેલીને એમણે સાવ અજાણ્યા ગામ વલસાડ તરફ નજર દોડાવી.

અંતે, એક દિવસ જામનગરની માયા સંકેલીને, બધું વેચીને એ વલસાડ ઊપડ્યા. ત્યાં જઈને એમણે વિચાર્યું કે, અહીં શું ધંધો કરવો? એમણે આજુબાજુમાં તપાસ શરૂ કરી. સહેજ આગળ અતુલ પર એમની નજર પડી. અતુલ પાસે હાઈવે પર થોડી દુકાનો હતી. અહીં અતુલના કામદારો ને કારીગરોનો પણ વસવાટ હતો એટલે એમને પહેલો જ વિચાર આવ્યો- એક દુકાન ભાડે લઈને કરિયાણાનો ધંધો શરૂ કરવો.

એમણે હાઈવે પર એક દુકાન ભાડે લીધી અને સોમવારે વલસાડની બજારમાંથી કરિયાણું લાવીને કરિયાણાની દુકાન શરૂ કરી દીધી! એકાદ મહિનામાં જ એમની દુકાન સરસ ચાલવા લાગી. હવે એ એકલા પહોંચી વળી શકે એમ નહોતા, એટલે કચ્છથી નાના ભાઈ ગોવિંદને પણ બોલાવી લીધો ને બન્નેએ દુકાન જમાવી દીધી. હવે કચ્છમાં સારી એવી રકમ એ બન્ને ભાઈઓ મોકલી શકતા.

એક-બે વરસ આ ચાલ્યું. એ પછી એક અણધારી ઘટના બની ગઈ.

ચંદુભાઈની રીત એવી હતી કે, આખા અઠવાડિયામાં જે પૈસા આવે, એ ગલ્લામાં રાખે અને સોમવારે વલસાડની બજારમાં જઈને કરિયાણું ખરીદી લાવે. રવિવારે એમનો ગલ્લો પૈસાથી ભરેલો હોય.

એક રવિવારની રાત્રે બન્ને ભાઈઓ દુકાનમાં સૂતા હતા ને ચોર દુકાનમાં ઘુસ્યા. બન્નેને બેભાન બનાવીને એમણે ગલ્લામાંથી પૈસા તો લઈ જ લીધા પણ સાથે સાથે દુકાનમાંથી પણ ઘણું કરિયાણું ને કિંમતી ચીજો પણ ઉપાડી ગયા!

બન્ને ભાઈઓ ખાલી થઈ ગયા! હવે શું કરવું એની એમને સૂઝ નહોતી પડતી.

“ગોવિંદ,” એક સાંજે ચંદુભાઈ બોલ્યા, “હવે તો ફરી વાર કરિયાણાની દુકાન ચાલુ કરવી મુશ્કેલ છે કેમ કે હવે પૈસા નથી ને દુકાનનું ભાડું પણ બે મહિનાનું ચડી ગયું છે, એટલે હવે એ પણ પોસાય એમ નથી.”

“તો શું કરશું ભાઈ?” ગોવિંદે ચંદુભાઈ સામે જોયું.

“હવે કોઈ નાનું ગામ આજુબાજુમાં શોધીએ ને ત્યાં દુકાન કરીએ. ત્યાં સસ્તા ભાડે દુકાન ને રહેવા ઘર મળી રહેશે.”

બીજા દિવસે બન્ને ભાઈ નાના ગામની શોધમાં નીકળ્યા ને એમની નજરે ચડયું બીનવાડા ગામ.

બીનવાડામાં એમણે રહેવા માટે એક ઘર ભાડે રાખી લીધું ને એક દુકાન પણ ભાડે રાખી લીધી.

થોડા ઘણા પૈસા હતા એમાંથી વલસાડની બજારમાંથી કરિયાણું લાવીને એમણે દુકાન શરૂ કરી દીધી. ગોવિંદને ચંદુભાઈએ કચ્છમાં મોકલી દીધો કેમ કે અહીં હવે જરૂર નહોતી.

દુકાન ધીમે ધીમે સારી ચાલવા લાગી પણ જોઈએ એવી રકમ મળતી નહોતી. છતાં,એ કચ્છમાં પણ થોડી રકમ મોકલતા રહ્યા.

લગભગ બે વરસે એમને એમ થયું કે, હવે કુટુંબ સાથે અહીં રહેવામાં વાંધો નથી. બન્ને બાળકો વલસાડ ભણવા જઈ શકશે.

એમણે કચ્છમાં પત્ર લખ્યો ને ગોવિંદ એમનાં કુટુંબને બીનવાડા મૂકી ગયો.

કાર્તિક અને શંભુને તો બીનવાડામાં મઝા પડી ગઈ. નાનું ગામ, ચારે બાજુ લીલોતરી ને માણસો પણ માયાળુ.

કાર્તિક અને શંભુનું વલસાડની શાળામાં એડમિશન પણ થઈ ગયું. કાર્તિક બીજા ધોરણમાં હતો ને શંભુ ચોથા ધોરણમાં.

બન્ને બસમાં અપ-ડાઉન કરતા. બસ રાબડાથી આવતી. રાબડાથી બીનવાડા અને પારનેરા થઈને વલસાડ પહોંચતી.

સમય પસાર થતો ગયો ને બન્નેનો અભ્યાસ પણ સરસ ચાલતો રહ્યો. શંભુ ભણવામાં થોડો નબળો હતો પણ કાર્તિક હોંશિયાર હતો. એને બે મિત્રો પણ મળી ગયા - કમલ અને મિલન. એ બન્ને પણ હોંશિયાર અને પૈસાદાર હતા. જો કે એમની મૈત્રીમાં પૈસા વચ્ચે ન આવ્યા. ત્રણેની જોડી શાળામાં પણ પ્રખ્યાત થઈ ગઈ.

બીજા ધોરણમાં ત્રણેને લગભગ સરખા જ માર્ક્સ આવ્યા.

ચંદુભાઈની દુકાન હજી ખાવાપીવાનું નીકળે એટલી જ ચાલતી હતી. બચત ખાસ થતી નહીં. એમાં બન્ને બાળકોની ફી, એમનાં કપડાં ને ચોપડા - આ બધામાં એ બચતની પણ પૂર્ણાહુતિ થઈ જતી.

કમલ અને મિલનના બૂટ ચામડાના ને એકદમ સરસ દેખાવના હતા, જ્યારે કાર્તિક સ્લીપર પહેરીને જતો. ઉનાળામાં એને ગરમી થતી પણ એ ગરમી કરતાં તો એને વધારે ગરમી ત્યારે લાગતી, જ્યારે એના સ્લીપરના લીધે બીજા મિત્રો એની મશ્કરી કરતા.

“પપ્પા,” એણે એક દિવસ ચંદુભાઈને કહ્યું, “પપ્પા, મને આ સ્લીપરમાં બહુ ગરમી લાગે છે.”

“લાગે જ ને બેટા,” ચંદુભાઈ હસીને બોલ્યા, “કેટલી ગરમી છે બહાર!”

“ગરમી તો લાગે જ છે, ને” કાર્તિક અચકાઈને બોલ્યો, “મારા મિત્રો કમલ અને મિલન ચામડાના સરસ બૂટ પહેરીને આવે છે ને હું સ્લીપર પહેરીને જાઉં છું.”

“એ બન્ને પૈસાદાર છે બેટા,” ચંદુભાઈ બોલ્યા, “આપણે ક્યાં પૈસાદાર છીએ? આપણે માટે તો સ્લીપર જ સારા.”

“ના પપ્પા,” કાર્તિક જીદ કરીને બોલ્યો, “કમલના જેવા બૂટ તો મારે લેવા જ છે”

“બેટા,” ચંદુભાઈ બોલ્યા, “આપણી તો નાનકડી દુકાન છે ને એમાંથી આપણે માંડ માંડ ઘરનું ગાડું ચલાવીએ છીએ. એમાં તને બૂટ ક્યાંથી અપાવવા? ને કમલ તો બીનવાડાના સરપંચનો દીકરો છે. એમની તો એંસી એકરમાં આંબાની વાડી છે, લાખો રૂપિયાની કેરીની ઉપજ આવે છે. એમને પોસાય, આપણને તકલીફ પડે.”

“ભલે પડે પપ્પા,” કાર્તિકે હવે બરાબર જીદ પકડી, “પણ મને બૂટ અપાવો જ.”

ચંદુભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. દીકરાની જીદ આગળ બાપ લાચાર બની ગયો.

“સારું બેટા,” એમણે વચલો રસ્તો કાઢ્યો, “તું અત્યારે છઠ્ઠા ધોરણમાં છે, ને હવે સાતમા ધોરણમાં આવીશ એ જ દિવસે તને બૂટ અપાવીશ જા.”

“ચોક્કસ અપાવશો પપ્પા?” કાર્તિકે ખાતરી કરવા પૂછ્યું.

“વચન આપું છું બેટા,” ચંદુભાઈ બોલ્યા, “ચોક્કસ અપાવીશ. ગમે તેમ કરીને અપાવીશ.”

કાર્તિક શેરીમાં રમવા ઊપડ્યો. શર્ટની ચાળથી આંખ લૂછતા ચંદુલાલ વિચાર કરતા રહ્યા કે, ચામડાના બૂટ ઓછામાં ઓછા વીસેક રૂપિયાના તો આવતા હશે. પણ, એ વીસ રૂપિયા ભેગા કરવા બહુ મોટી વાત થઈ પડશે.

આખરે એમણે રોજ એકાદ રૂપિયો કે પચાસ પૈસા જુદા રાખીને એ રીતે વીસેક રૂપિયા ભેગા કરવાનું નક્કી કરી નાખ્યું.

છઠ્ઠા ધોરણનું પરિણામ આવ્યું. કાર્તિક પ્રથમ નંબરે પાસ થયો હતો.

એ પછી વેકેશન શરૂ થયું, ને કેરીની સીઝન શરૂ થઈ. કમલની વાડીમાં રોજ બપોરના કેરીઓ ખાવા જવાનો ત્રણે મિત્રોનો જાણે નિયમ બની ગયો.

ત્રણે મિત્રોની અલકમલકની વાતો વચ્ચે વેકેશન પૂરું પણ થવા આવ્યું.

દરમ્યાનમાં, ચંદુલાલે પચ્ચીસ રૂપિયા જુદા કાઢી રાખ્યા હતા.

“પપ્પા,” કાર્તિકે એક દિવસ કહ્યું, “આવતા અઠવાડિયે મારું વેકેશન ખૂલે છે. તમે બૂટ અપાવવાનું કહ્યું હતું એ લેવા ક્યારે જઈશું?”

“કાલે જ જઈશું બેટા,” ચંદુભાઈ બોલ્યા, “તું સવારે તૈયાર રહેજે.”

બીજા દિવસે ચંદુભાઈ અને કાર્તિક તૈયાર થઈને બસસ્ટેન્ડે ગયા. રાબડાથી નીકળેલી બસ આવી ને ચંદુભાઈ ને કાર્તિક બસમાં ચડ્યા. કાર્તિક આગળની સીટ પર બેઠો અને ચંદુભાઈ એમના સ્નેહી સાથે પાછળ બેઠા.

બસ ચાલી. પારનેરા આવ્યું ત્યાં સુધી કાર્તિક પાછળ જોયે રાખતો હતો- એના પપ્પા એમના મિત્ર સાથે જોરથી હસી હસીને વાતો કરતા હતા. એમનો મિત્ર પણ જોરથી હસતો હતો.

“કાર્તિક બેટા,” ચંદુભાઈએ એને બૂમ પાડીને બોલાવ્યો, “અહીં આવ, હસમુખકાકાને મળ.”

કાર્તિક પાછળ આવ્યો.

“હસમુખભાઈ,” ચંદુભાઈ બોલ્યા, “આ મારો નાનો દીકરો કાર્તિક છે. ભણવામાં ખૂબ હોંશિયાર છે. આજે એના માટે ખરીદી કરવા વલસાડ જઈએ છીએ.”

કાર્તિક હસમુખભાઈ સામે જોઈ રહ્યો.

“કાર્તિક,” ચંદુભાઈ બોલ્યા, “આ તારા હસમુખકાકા છે. બીનવાડામાં પહેલી જ ઓળખાણ મારે એમની સાથે થયેલી. બહુ ભલા માણસ છે. એમને બાળકો તો બહુ જ ગમે. આપણને દુકાન અને મકાન પણ એમની મદદથી જ ભાડે મળ્યા છે.”

કાર્તિક એમને ચરણવંદન કરવા નીચે નમ્યો ને એ ચોંકી ગયો!

કાર્તિક ચોંકી ગયો કેમ કે હસમુખભાઈને પગ જ નહોતા! બે સાવ નિર્જીવ જેવા પગ જાણે લટકતા હતા!

‘‘કાકા,” કાર્તિકે પૂછ્યું, “તમારા પગ......”

“બેટા,” હસમુખભાઈએ એને અધવચ્ચે અટકાવીને કહ્યું, “નાનપણમાં મને પોલિયો થયેલો, ને એમાં મારા આ બન્ને પગને પેરેલિસિસ થઈ ગયો. બન્ને પગ નકામા થઈ ગયા.”

“ઓહ” કાર્તિક બોલ્યો.

“અરે, એમાં ઓહ શું?” હસમુખભાઈ ખડખડાટ હસીને બોલ્યા, “જો, બધાને બે પગ છે ને મને કુદરતે ચાર પગ આપ્યા છે. બે આ લટકે છે એ અને બીજા બે આ..”

આમ કહીને એમણે બાજુમાં મૂકેલી બે કાખઘોડી તરફ હાથ લંબાવ્યો.

કાર્તિક તાજ્જુબ થઈ ગયો. આટલી વ્યથા વચ્ચે પણ હસમુખકાકા હસે છે ને આટલી સરસ રીતે જીવે છે ને પોતે?

વલસાડ આવ્યું, ને બન્ને બસમાંથી ઊતરીને બજારમાં ગયા. એક બૂટ-ચપ્પલની દુકાન જોઈને ચંદુભાઈ કાર્તિકને લઈને અંદર ગયા.

“આ મારા દીકરાના માપના સરસ ચામડાના બૂટ બતાવો.” ચંદુભાઈએ દુકાનદારને કહ્યું.

“ના પપ્પા,” કાર્તિક સજળ આંખે બોલ્યો, “મારે બૂટ હવે નથી લેવા. મને સ્લીપર જ અપાવો, હું સ્લીપર જ પહેરીશ.

મોટો થઈને હું બાળકોનો ડૉક્ટર જ બનીશ, ને એ વખતે મારા પૈસાથી હું બૂટ ખરીદીશ.”

ચંદુભાઈ આશ્ચર્ય પામ્યા. એમને કાર્તિકનો આ બદલાએલો સ્વભાવ સમજાયો નહીં.

સમય પસાર થતો રહ્યો ને એ જ કાર્તિક આજે કિલ્લા પારડીમાં બાળકોના નિષ્ણાત ડૉક્ટર તરીકે વખણાય છે પણ હજીય લી કુપરના બૂટ પહેરે ત્યારે એમને લાગે છે કે, આના કરતાં પેલા સ્લીપર સારા હતા! એ સાથે જ એમને હસમુખભાઈ યાદ આવી જાય છે ને બીનવાડાની માટી પણ યાદ આવી જાય છે!

(શીર્ષકપંક્તિઃ શ્યામ ઠાકોર)